## તા.૧૩.૧૦.૨૦૨૬

## Police Motor Transport (PSI & HCDM-I) Cadre Update:

## પોલીસ મોટર ટ્રાન્સપોર્ટ વિભાગની લેખિત પરીક્ષાના ગુણ જાહેર કરવા બાબત

(1) જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/3 & GPRB/202526/4 અન્વયે તા.૨૩.૦૮.૨૦૨૬ના રોજ લેવામાં આવેલ પોલીસ સબ ઇન્સ્પેકટર (મોટર ટ્રાન્સપોર્ટ) તથા હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનિક (ગ્રેડ-૧)ની લેખિત પરીક્ષાની Final Answer Key તા.૦૯.૧૦.૨૦૨૬ નારોજ જાહેર કરવામાં આવેલ.

(2) પોલીસ સબ ઇન્સ્પેકટર (મોટર ટ્રાન્સપોર્ટ) તથા હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનિક (ગ્રેડ-૧)ની લેખિત પરીક્ષાના ગુણ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

(A) પોલીસ સબ ઇન્સ્પેકટર (મોટર ટ્રાન્સપોર્ટ)ની લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે પોતાના ગુણ જોવા માટે અહીં કલીક કરો....

(B) હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનિક (ગ્રેડ-૧) ની લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે પોતાના ગુણ જોવા માટે અહીં કલીક કરો....

(3) જે ઉમેદવારો પોતાની OMR Sheetની પુનઃચકાસણી (રીચેકીંગ) કરાવવા ઇચ્છતાં હોય તેઓ ૭ (સાત) દિવસમાં નીચેના દસ્તાવેજો સાથે અરજી કરી શકશે.

(A) રીચેકીંગ ફી ના રૂ. ૫૦૦/- **"CHAIRMAN, GUJARAT POLICE RECRUITMENT BOARD"** ના નામનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફટ Payable at GANDHINAGAR

(B) કોલલેટરની ઝેરોક્ષ નકલ

(C) અરજી, જેમાં ઉમેદવારે પોતાનું નામ, કન્ફર્મેશન નંબર, રોલ નંબર, પ્રશ્ન પુસ્તીકા કોડ અને મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવાનું રહેશે.

(4) ઉપરોક્ત જણાવ્યા મુજબ રૂ.૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ તથા કોલલેટર સહિતની અરજી તા. ૨૦.૧૦.૨૦૨૬ સુધીમાં રૂબરૂમાં અથવા સ્પીડ પોસ્ટ/કુરીયર દ્વારા ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉદ્યાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર -૩૮૨૦૦૭ સરનામે મોકલી શકાશે. અધુરી માહિતી કે ખોટી માહિતી વાળા ડીમાન્ડ ડ્રાફટવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહી. અન્ય રીતે મળેલ અરજી કે તા.૨૦.૧૦.૨૦૨૬ બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવાશે નહીં.

ખાસ નોંધઃ

(1) લેખિત પરીક્ષા દરમ્યાન દરેક વર્ગખંડના CCTV કેમેરા રેકોર્ડીંગ ચકાસણીની કાર્યવાહી હાલમાં ચાલી રહેલ છે. જો કોઇ ગેરરીતી માલુમ પડશે તો સબંધિત ઉમેદવારની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે.

(2) તદ્ઉપરાંત સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ ઉમેદવારે, કોઇપણ તબક્કે ગેરરીતી આચરેલ હોવાનું ધ્યાને આવશે અથવા પરીક્ષાના નિયમ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરેલ હશે તો તેઓની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

(3) સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

Downloaded from websankul.com